# તાલાલાના મે.પ્રિન્સીપાલ સીવીલ જજ.સાહેબની કોર્ટમાં–તાલાલા

રે.દિ.મું.નં.૧૨૪/૨૦૧૬

(૧) નારણભાઈ ગોવિંદભાઈ ઘુંસર,
ધર્મે–હિન્દુ,ધંધો–નોકરી તથા ખેતી,
ઉ.વ.આ.૫૪,રહે.ઘુસીયા

(૨) મલ્લીબેન નારણભાઈ ઘુંસર,
ધર્મે–હિન્દુ, ધંધો–ઘરકામ,
ઉવ.આ.૪૯,રહે.ઘુસીયા,તા.તાલાલા વાદીઓ

વિરૂધ્ધ

(૧) રાજાભાઈ પરબતભાઈ સોલંકી,
ધર્મે–હિન્દુ,ધંધો–ખેતી,
ઉ.વ.આ.૫૧ રહે.ઘુસીયા.

(૨) રાજસીભાઈ ભીમસીભાઈ રામ,
ધર્મે–હિન્દુ,ધંધો–ખેતી,
ઉ.વ.આ.૫૫,રહે.ઘુસીયા,તા.તાલાલા પ્રતિવાદીઓ.

બાબતઃ–સી.પી.સી.ઓર્ડર–૩૯, રૂલ–૧,૨ તથા કલમ ૯૪ તથા ૧૫૧
અન્વયે વચ્ચગાળાનો દરમ્યાન મનાઈ હુકમ મળવા

(૧) આ કામના વાદીઓએ આજરોજ આ કામના પ્રતિવાદીઓ સામે ઉપરોકત દાવો દાખલ કરેલ છે. વાદીઓ તાલાલા તાલુકાના ગામ ઘુસીયા

રહે છે. આ કામના પ્રતિવાદીઓ પણ ઘુસીયા ગામના જ રહીશ છે.અમો વાદીઓની સીમની જમીન ઘુસીયા મુકામે ખાતા નં.૪૯૯ થી આવેલ છે. તેવી જ રીતે પ્રતિવાદીઓની સીમની જમીનો પણ અમારી જમીનથી દક્ષિણ તથા ઉગમણે આવેલ છે.તાલાલા ગીર તાલુકાના ઘુસીયા ગામે અમો વાદીઓની સીમની જમીન ખાતા નં.૪૯૯ થી રેવન્યુ સર્વે નં.૧૪૮ હેકટર ૦–૧૭–૨૦ આકાર રૂપિયા ૦–૪૪ પૈસા તથા રેવન્યુ સર્વે નં.૧૩૦/૨ હેકટર ૦–૩૨–૩૭ આકાર રૂપિયા ૦–૮૭ પૈસા તથા રેવન્યુ સર્વે નં.૧૩૦/૧ પૈકી ૧ હેકટર ૧–૮૦–૯૦ આકાર રૂપિયા ૧૨–૫૬ પૈસા વાળી કુલ હેકટર ૨–૨૯–૬૬ વાળી જમીનો આવેલ છે. જે પૈકી ઉગમણ તરફના ભાગે રેવન્યુ સર્વે નં.૧૩૦/૨ વાળી હેકટર ૦–૩૨–૩૭ વાળી જમીન આવેલ છે. જે જમીનની આથમણે લગોલગ સર્વે નં.૧૩૦/૧ પૈકી ૧ વાળી અમારી માલીકીની જ જમીન આવેલ છે. આ જમીનો અમોએ રજી.વેચાણ દસ્તાવેજ અનુ.નં.૨૪૦ થી તા.૨૮/૩/૨૦૦૮ ના દસ્તાવેજથી જીવરાજભાઈ ધનાભાઈ ભલાણી પાસેથી વેચાણ રાખેલ છે અને રેવન્યુ રેકર્ડ નોંધ નં.૨૫૩૭ થી ખાતા નં.૪૯૯ થી અમો વાદીઓના નામે દાખલ થયેલ છે. જેમા રેવન્યુ સર્વે નં.૧૩૦/૨ વાળી જમીન જે ઉગમણે તરફના ભાગે આવેલ છે. તે જમીનની ચતુરદિશા નીચે મુજબ છે.

ઉગમણ તરફઃ કેશવભાઈ ધનાભાઈ સીમની જમીન આવેલ છે.

આથમણ તરફઃલગોલગ સર્વે નં.૧૩૦/૧ પૈકી ૧ ની એક જ શેઢે આવેલ જમીન છે. જે તરફ પ્રતિવાદીઓની જમીનમાં જવા માટે તથા અમારી જમીનના આવવાજવા માટે ૧૨ ફુટ પહોળાઈનો ગાડામારગ અમારા અગાઉના જમીન માલીકના વખતથી મુકેલ છે.

ઉતર તરફઃ ગલીયાવાડ–ઘુસીયાનો જાહેર રાજમાર્ગ આવેલ છે.

દક્ષિણ તરફઃ પ્રતિવાદીઓની સર્વે નં.૧૩૦/૫/૨ તથા સર્વે નં.૧૩૦/૫/૨ વાળી સીમની જમીન આવેલ છે તથા દેવજી ઠાકરશીની જમીન પણ આવેલ છે.

ઉપરોકત ચતુરદિશાવાળી જમીન સર્વે નં.૧૩૦/૨ ની લગોલગ આથમણે અમારી સર્વે નં.૧૩૦/૧ પૈકી ૧ વાળી હેકટર ૧–૮૦–૦૯ વાળી તથા સર્વે નં.૧૪૮ એકર ૦–૧૭ ગુંઠાવાળી સીમની જમીન આવેલ છે. જેની ચતુરદિશા નીચે મુજબ છે.

ચતુરદિશા

ઉગમણ તરફ: અમારી રેવન્યુ સર્વે નં.૧૩૦/૨ વાળી સીમની જમીન આવેલ છે. જેમા અમારી જમીનો તથા પ્રતિવાદીઓની જમીનોમાં આવવા જવાનો ૧૨ ફુટ પહોળાઈનો ગાડામારગ આવેલ છે તથા દેવજીભાઈ ધરમશીભાઈની જમીન આવેલ છે.

આથમણ તરફ: ગલીયાવાડ ઘુસીયાનો જાહેર રાજમાર્ગ આવેલ છે.

ઉતર તરફ: ગલીયાવાડ–ઘુસીયાનો રાજમાર્ગ આવેલ છે.

દક્ષિણ તરફ: જેન્તીભાઈ ધનાભાઈ સીમની જમીન આવેલ છે.

ઉપરોકત સીમની જમીનો અમો વાદીઓએ ખરીદ કર્યા બાદથી અમારી જમીનોમાં ખેડ કરવા આવવા જવાનો તથા પ્રતિવાદીઓએ પોતાની જમીનોમાં ખેડ કરવા આવવા જવાનો ગાડામારગ અમારી સીમની સર્વે નં.૧૩૦/૨ તથા સર્વે નં.૧૩૦/૧ પૈકી ૧ ની જમીનોની વચ્ચે ઉતરથી દક્ષિણ ૧૨ ફુટ પહોળાઈનો ગાડા મારગ મુકેલ છે અને પ્રતિવાદીઓના ઢોરઢાંખર અમારી જમીનોમાં પાકને નુકશાન ન કરે તે માટે કાચા ટોળા પથ્થરની વંડી કરેલ છે અને અમારી જમીનોમાં દક્ષિણ તરફનાં ભાગે સર્વે નં.૧૩૦/૨ વાળી જમીનમાં જુનવાણી બાંધકામનું મકાન આવેલ છે તે મકાન પાસે આ વંડી બંને સાઈડમાં ખુલ્લી રાખેલ છે. જયાથી અમો અમારી બંને જમીનોમાં ગાડાગડરા, ટ્રેકટર, વાહન ઢોરઢાંખર સાથે આવીએ જઈએ છીએ. આ દાવાવાળી જમીન અમારા માલીકીની આવેલ છે. માત્ર પ્રતિવાદીઓને અમારી જમીનના ૧૨ ફુટના ગાડામારગ મારફતે હકક છે. આ જમીનમાં ૧૨ ફુટનો આવેલ રસ્તો પ્રતિવાદીઓની માલીકીનો નથી. તે અમારી માલીકીનો રસ્તો આવેલ છે. અમોએ તા.૨૮/૩/૨૦૦૮ નાં રજી.વેચાણ દસ્તાવેજ અનુ.નં.૨૪૦ થી ઉપર દાવા

પેરા–૨ માં જણાવેલ જમીનો ખરીદ કરી તેના દસ્તાવેજના પાના–૬ ઉપર ઓમએ વેચાણ લીધેલ જમીનમાંથી લીધેલ જમીનમાંથી દેવજી ધરમશીભાઈની જમીનમાં જવા આવવાનો ૧૨ ફુટ મુજબનો રસ્તો ઉતરથી દક્ષિણ ઉભા પાટે દેવજી ધરમશીની જમીનમાં વાયવ્ય ખુણે દાખલ થતા સુધીનો રહેલ છે. તે રસ્તો યાથવત સાબીત અનામત રાખવાની શરતે અમોને જમીન વેચાણ આપનાર જીવરાનભાઈ ધનાભાઈ ભલાણીએ જમીન વેચાણ આપેલ છે અને તે મુજબ સને–૨૦૦૮ થી અમોએ અમારી માલીકીની વેચાણ લીધેલ જમીનોનો કબજો સંભાળ્યો ત્યારથી આ રસ્તો સતત ૧૨ ફુટ પહોળાઈનો રાખી રસ્તાની બંને સાઈડમાં માત્ર ટોળા પથ્થરની નાની દીવાલ ઢોરઢાંખરા અમારા મોલાતને નુકશાન ન કરે તે માટે કરેલ છે અને આ રસ્તાની ઉતર તરફ ગલીયાવાડ–ઘુસીયાનો રાજમાર્ગ આવેલ છે ત્યાં અમોએ એક ગેટ મુકેલ છે. જે અમો તથા પ્રતિવાદીઓની અગાઉના માલીક દેવજીભાઈ ધરમશીભાઈ ગેટ ખોલી ખેતીના સાધનો સહીત આ ૧૨ ફુટના અમારી જમીનમાં મુકેલ રસ્તા ઉપર થઈને સૌ સૌ ની જમીનમાં ખેડ કરવા જઈએ આવીએ છીએ. તે મુજબ આ રસ્તો અમારી માલીકીની જમીનમાં મુકેલ છે. દેવજીભાઈ ધરમશી ભાઈને માત્ર રસ્તાનો સુખાકારીનો હકક મળેલ અને દેવજીભાઈ ધરમશી ભાઈએ પોતાની જમીન પ્રતિવાદીઓને વેચાણ આપતા પ્રતિવાદી નં.૧ ના ખાતા નં. ૫૦૯ થી સર્વે નં.૧૩૦/૫/૧ પ્રતિવાદી નં.૧ ના ખાતે જમીન દાખલ થયેલ અને પ્ર તિવાદી નં.૨ ના ખાતા નં.૫૦૮ થી સર્વે નં.૧૩૦/૫/૨ થી પ્રતિવાદી નં.૨ ના ખાતે દાખલ થયેલ અને તે રીતે પ્રતિવાદીઓએ જમીન ખરીદ કર્યા બાદ પણ અમો તથા પ્રતિવાદીઓ અમારી જમીનમાં મુકેલ ૧૨ ફુટ પહોળાઈના ગાડામારગ મારફતે ખેતીનાં સાધનો ઢોરઢાંખરા સાથે ખેડ કરવા આવીએ જઈએ છીએ. તેમા કોઈપણ એકબીજાને કયારેય પણ કોઈ રૂકાવટ અટકાયત અવરોધ કરેલ નથી. તે ઉપરાંત અમારી જમીનની ઉગમણે કેશવભાઈ ધનાભાઈની સીમની જમીન આવેલ છે જે જમીનમાંથી પાણી લેવાનો અમો વાદસઓનો ૫૦% હકક છે. જે કેશવભાઈ ધનાભાઈની જમીનમાં આવેલ કુવામાંથી પીયત કરવા વીજકનેકશન પણ મુકેલ

છે અને તે મારફતે અમારી જમીનોમાં પીયત કરવા અન્ડર ગ્રાઉન્ડ પાઈપલાઈન પણ નાંખેલ છે. જે અન્ડરગ્રાઉન્ડ પાઈપલાઈન અમોએ મુકેલ ૧૨ ફુટના રસ્તાને કોસ કરી અમારી સર્વે.નં.૧૩૦/૧ પૈકી ૧ તથા સર્વે નં.૧૪૮ વાળી જમીન સુધી આથમણે સુધી અમારી જમીનમાં પીયત કરવા માટેની અન્ડરગ્રાઉન્ડ પાઈપલાઈન આવેલ છે.જે વાટે અમારી જમીનોમાં અમો પીયત કરીએ છીએ. અમારી જમીન માં ૧૨ ફુટ પહોળાઈ મુકેલ ગાડામારગમાં માત્ર પ્રતિવાદીઓનો ખેતીના સાધનો સાથે આવવા જવાનો સુખાધિકારનો હકક આપેલ છે તે સિવાય પ્રતિવાદીઓને અમારી જમીનમાં મુકાયેલ આ ગાડામારગ ઉપર કોઈ રાઈટ હકક કે અધિકારો નથી. છતાં નવેમ્બર –૨૦૧૫ માં આ કામના પ્રતિવાદીઓએ રસ્તાની ઉતર તરફના ભાગે ગલીયાવડ–ઘુસીયાના રાજમાર્ગ ઉપર મુકેલ ગેટમાં પોતાનું તાળુ મારી દીધેલ. જેથી અમો વાદી નં.૨ ના એ તાળુ શા માટે મારી દીધેલ છે તેમ પુછવા જતા પ્ર તિવાદીઓએ રસ્તો અમારો અંગત છે. તમારો કોઈ હકક નથી. તેવો ઉધ્ધર જવાબ આપતા અમોએ તા.૨૧/૧૧/૨૦૧૫ ના રોજ મામલતદાર સાહેબમાં તાળુ ખોલાવી આપવા અરજી આપેલ. જેની જાણ પ્રતિવાદીઓને થતા પ્રતિવાદીઓ એ જે તે વખતે તાળુ ખોલી નાંખેલ પરંતુ બાદમાં ફરીથી જાન્યુઆરી–૨૦૧૬ માં તાળુ મારી દીધેલ અને અમોને કનડગત કરવી શરૂ કરેલ. જેથી ફરીથી અમોએ મામલતદારમાં અરજી આપતા ફરીથી પ્રતિવાદીઓએ તાળુ ખોલી નાંખેલ. હાલમાં પ્રીતવાદીઓએ ફરીથી છેલ્લા પાંચેક દિવસ થયા અમારા રસ્તાના ગેટને તાળુ મારી દીધેલ અને રસ્તામાં કોસ કરતી અમારા પીયત માટેની અન્ડરગ્રાઉન્ડ પાઈપલાઈન પ્રતિવાદીઓએ શીર જોરાઈ કરી તોડી નાંખેલ છે અને આમ અમોને હેરાન કરવા પર ઉતરી પડયા છે.અમોએ આ કામના પ્રતિવાદીઓને સમજાવવા અને પાઈપલાઈન ફરીથી સાંધી આપવા તેમજ ગેઈટ ઉપર મારેલ તાળુ ખોલી નાંખવા જણાવતા અને રસ્તો અમારી માલીકીનો છે.પ્રતિવાદીઓને તો માત્ર સુખાધિકારનો હાલવા ચાલવાનો હકક છે તેમ સમજાવતા પ્રતિવાદીઓને તો માત્ર સુખાધિકારનો હાલવા ચાલવાનો હકક છે તેમ સમજાવતા પ્રતિવાદીઓએ રસ્તો

અમારો છે અને આ રસ્તામાં અમે કોઈને હાલવા દેશુ નહી અને પાઈપલાઈન પણ ફગાવી દેશુ તેવો ઉધ્ધત જવાબ પ્રતિવાદીઓએ અમોને આપેલ અને અમારી મિલ્કતમાં નુકશાન કરવા ધમકી આપેલ અને પાઈપલાઈનને નુકશાન કરી તોડી નાંખેલ છે. જેને લઈને અમો અમારી જમીનમાં બગીચો બનાવેલ છે તમા પીયત કરી શકીએ તેમ નથી. અમારા વૃક્ષો સુકાઈ રહયા છે. તદઉપરાંત અવાનવાર પ્રતિવાદીઓ ગેટને તાળુ મારી દે તો અમો અમારી ખેતીની જમીનમાં ખેડ કરવા પ્રવેશ કરી શકીએ નહિ તેવી કથડી પરિસ્થિતિ પ્રતિવાદીઓ રર્જી રહયા છે. અમો વાદીઓને અમારછ જમીનમાં અમારા ૧૨ ફુટ પહોળાઈના મુકેલ રસ્તા ઉપરથી ખેડ કરવા આવવા જવાનો અમારો કાયદેસરનો માલીકી હકક અને અધિકાર છે. તેમા પ્રતિવાદીઓ કોઈપણ રીતે ૧કાવટ, અટકાયત, અવરોધ કરી શકે નહિ. છતાં શીરજોરાઈ કરી અટકાયત કરવા પ્રયત્ન કરી રહયા હોય અને સમજાવવા છતાં પાઈપલાઈન સાંધી આપતા નથી અને મરવા મારવા પર ઉતરી પડેલ હોય પ્રતિવાદીઓ સામે તાત્કાલીક રેમેડી લેવા હાલનો દાવો લાવવા ફરજ પડેલ છે. અમો વાદીઓનો પ્રાયમાફેસી કેસ સાબીત છે. બેલેન્સ ઓફ કન્વીનીયન્સ અમો વાદીઓની તરફેણમાં છે. હાર્ડશીપની દૃષ્ટિએ અમો વાદીઓનો કેસ વધુ મજબુત છે. ઈરીપેરેબલ લોશની દૃષ્ટિ જોઈએ તો પ્રતિવાદી સામે એકતરફી દરમ્યાન મનાઈહુકમ ફરમાવવામાં આવે નહિ અને શોકોઝ નોટીશ કાઢવામાં આવે તો પ્રતિવાદીઓ બળજબરીથી ગેટ ઉપર તાળુ મારી રાખે અને અમો અમારી જમીનમાં ખેતીકામ કરવા જઈ શકીએ નહિ. અમારી જમીન બીનખેડાયેલી પડી રહે તેમજ અમારી જમીનમાં પીયત કરવાના અન્ડરગ્રાઉન્ડ નાંખેલા ભુંગળામાં તોડફોડ કરી પીયતમાં અટકાયત કરે તો અમો અમારી જમીનમાં પીયત કરી શકીએ નહિ. તેવી કથડી પરિસ્થિતિ સર્જાય તેમ છે. જો તેમ થાય તો અમોને પારાવાર નુકશાન થાય તેમ છે. જયારે પ્રતિવાદી ગેટ ઉપર મારેલ તાળુ ખોલી આપે તો પ્રતિવાદીને કોઈ નુકશાન નથી. જેથી માંગ્યા મુજબ દરમ્યા મનાઈહુકમ ફરમાવવાથી કે કાયમ કરવાથી પ્રતિવાદીઓને કોઈ નુકશાન થાય તેમ નથી. જેથી માંગ્યા મુજબ દરમયાન મનાઈહુકમ આપવા પાત્ર અને કાયમ કરવાપત્ર

અમારો પ્રાયામફેસી કેસ છે. જેથી  પ્રીતવાદી સામે હાલની અરજ કરવા રફજ પડેલ છે. ઉપરોકત કારણોસર અરજ કરવાની કે દરમ્યાન મનાઈહુકમ મળવાની અરજી પેરા–ર માં જણાવેલ વિગતવર્ણન અને ચતુરદિશાવાળી અમો વાદીઓની માલીકીની સીમની જમીનો સર્વે નં.૧૪૮ હેકટર ૦–૧૭–ર૦ તથા સર્વે નં.૧૩૦/ર હેકટર ૦–૩ર–૩૭ તથા સર્વે નં.૧૩૦/૧ પૈકી ૧ હેકટર ૧–૮૦–૦૯ વાળી જમીનોમાં ઉતરથી દક્ષિણ મુકેલ ૧ર ફુટ પહોળાઈના મારગમાં ઉગમણથી આથમણ મારગને કોસ કરી અમારી પીયત માટેની પાણીની પાઈપલાઈન તોડી નાંખેલ છે તે પાઈપલાઈન તાત્કાલીક અસરથી પ્રતિવાદીઓ સાંધી આપે અને રીપેર કરી આપે અને ગેટમાં કાયમી માટે તાળુ ખોલી નાંખે તેવો વચ્ચગાળાનો આદેશાત્મક હુકમ આ કામના પ્રતિવાદીઓ સામે ફરમાવવા તેમજ.આ કામના પ્રતિવાદીઓ કે  પ્ર તિવાદીઓના વંશ, વારસો, વાલી, કુટુંબીઓ, ટ્રાન્સફરી, એસાઈની, મુખત્યારો, માણસો, મજુરો ઉપર દરમ્યાન મનાઈહુકમ મળવાની અરજી પેરા–ર માં જણાવેલ વિગતવર્ણન અને ચતુરદિશાવાળી અમો વાદીઓની માલીકીની સીમની જમીનો સર્વે નં.૧૪૮ હેકટર ૦–૧૭–ર૦ તથા સર્વે નં.૧૩૦/ર હેકટર ૦–૩ર–૩૭ તથા સર્વે નં.૧૩૦/૧ પૈકી ૧ હેકટર ૧–૮૦–૦૯ વાળી જમીનોમાં ઉતરથી દક્ષિણે મુકેલ ૧ર ફુટ પહોળાઈના અમારી માલીકીનાં ગાડામારગમાં અમારી જમીનોમાં ખેડ કરવા અમોને આવા જવામાં ખેતીના સાધનો લાવવા લઈ જવામાં ઢોરઢાંખર લાવવા લઈ જવામાં અટકાયત, રૂકાવટ, અવરોધ કરે કરાવે નહી કે ઉતર તરફના ભાગે ગલીયાવાડ ઘુસીયાના જાહેર રાજમાર્ગ તરફ મુકેલ અમારા ગેટને તાળુ મારે નહિ કે ગેટ કોઈપણ રીતે બંધ કરે કરાવે નહિ કે અમારી જમીનોની ઉગમણે કેશવ ધનાવાળી જમીનમાંથી પીયત કરવની અન્ડરગ્રાઉન્ડ પાઈપલાઈન જે દાવાવાળા અમારી માલીકીના રસ્તામાં અન્ડર ગ્રાઉન્ડ કોસ કરી આથમણ તરફ જાય છે તે પાઈપલાઈન કોઈપણ રીતે તોડે તોડાવે નહિ કે આ પાઈપલાઈનમાં કોઈ નુકશાન થાય તેવા કોઈ અપકૃત્યો કરે કરાવે નહિ કે અમોને અમારી જમીનમાં આવવા જવામાં કયાંય પણ અટકાયત કે અવરોધ કરે કરાવે નહિ કે કોઈ ધાકધમકી

આપે અપાવે નહિ તેવો દાવો ચાલતા સુધીનો વચ્ચગાળાનો દરમ્યાન મનાઈહુકમ આ કામના પ્રતિવાદી વિરૂધ્ધ અને અમો વાદીઓના લાભમાં ફરમાવવા નમ્ર અરજ છે.

(૨) વાદીએ કરેલ મનાઈ અરજી સંદર્ભે પ્રતિવાદી તરફથી આંક–૯ થી વાંધા જવાબ રજુ કરવામાં આવેલ છે તેમા વાદીએ જણાવેલ હકીકતને નકારવામાં આવેલી છે ખરી હકીકતે જણાવેલ છે કે પ્રતિવાદી નં.૧ ધ્વારા ઘુસીયા ગામ સીમ સર્વે નં.૧૩૦/૫ વાળી ખેતીની જમીન એ.૪.ગુંઠા ખાતા નં.૩૪૪ થી પીયતની ખેતીની જમીન પશ્ચિમ ભાગના ૧ એ.૨૪.ગુંઠા ક્ષેત્રફળ વાળી જમીન મળી માલીકીની જમનભાઈ દેવજીભાઈ ભલાણી તથા ચામનભાઈ દેવજીભાઈ પાસેથી વેચાણ દસ્તાવેજ નં.૨૨૬ તા.૦૨/૦૪/૨૦૦૯ ના રોજ વેંચાણ રાખેલ છે તે વેચાણ દસ્તાવેજ પેરા નં.૨ રસ્ત અંગે વિગત દર્શાવેલ છે તે અંગે વેચાણ વાળી જમીન ૧ એ.૨૪ ગુંઠા જવા આવવા રસ્તો તથા ગાડા ભારે વાહન રસ્તો હકક આ વેચાણ વાળી જમીન ઉતરે આવેલ નારણભાઈ ગોવિંદભાઈ ઘુસર તથા મલીબેન નારણભાઈ ઘુંસર કે જેઓએ આ જીવરાજભાઈ ધનાભાઈ ભલાણી પાસેથી વેચાણ રાખેલ જમીન ઉતરે ગલીયાવડ જતા રસ્તા મારફતેથી અને નારણભાઈ ચોવિંદભાઈ ઘુંસર તથા મલીબેન નારણભાઈ ઘુંસર સંયુકત મિલ્કત ઉતર શેઢે વચ્ચે ભાગ દાખલ થતા અને તેઓની જમીન વચ્ચેથી ઉતર–દક્ષિણ ઉભો પાટો આ વેંચાણ વાળી જમીનની વાયવ્ય ખુણોથી દાખલ તઈ ૧૨ ફુટ પહોંળાઈ રસ્તો કાયદેસર હકક અમારા વડીલોના ભાઈઓ ભાગના પુર્વ સમજ અનુસાર ઘણા વર્ષોથી હયાત અને બીન તકરારી છે તે રસ્તા મારફતે વેચાણ વાળી જમીન આવવા જવા અને ગાડા અને ભારે વાહન ના રસ્તાનો હકક સાહીત આ જમીન વેચાણ આપેલ છે આ વેચાણ વાળી જમીન ઉતર શેઢે પશ્ચિમ–પુર્વ ઉભા પાટે ૧૨ ફુટ પહોંળાઈ શ્રસ્તો આ સર્વે નં.૧૩૦/૫ ના પુર્વ તરફની અમો આ રાજસી ભીમશીભાઈ શ્રામની વેચાણ આપેલ જે જમીનમાં વાયવ્ય ખુણે દાખલ થતા તેઓ કાયમી સુખાધિકાર હધિકાર આપવામાં આવેલ છે તે પુર્વ તરફની વેચાણ આપેલ જમીનના હકક અથાવત અનામત રાખી ૧ એ. ૨૪ વાળી જમીન તેમને વેચાણ આપીએ છીએ. આજ રીતે તાલાલા તાલુકાના ઘુંસીયા

ગામની સીમમાં આવેલ રેવન્યુ સર્વે નં.૧૩૦/૫ એ.૪–૦૦ ગુંઠા વાળી ખેતીની જમીન ખેડખાતા નં.૩૪૪ થી આવેલ પિયત હકકની ખેતીની જમીનમાંથી પુર્વદા ભાગની એ.૨–૧૬ ગુંઠા ક્ષેત્રફળવાળી પિયત હકકની ખેતીની જમીન આ કામના પ્રતિવાદી નં.૨ ધ્વારા રજી. વેચાણ દસ્તાવેજ નં.૨૨૭ તા.૦૨/૦૪/૨૦૦૯ નાં રોજ જમીનનાં મુળ માલીકો શ્રી જમનભાઈ દેવજીભાઈ ભ્લાણી તથા શ્રી ચીમનભાઈ દેવજીભાઈ ભ્લાણી  પાસેથી વેચાણ રાખેલ છે. સદરહું વચાણ દસ્તાવેજના પારા નં.૨ પાના નં.૫ પર જણાવેલ વિગત રસ્તાના હકકની વિગત આ વેચાણવાળી જમીન એ.૨–૧૬ ગુંઠામાં જવા આવવાનો તથા ગાડા અને ભારે વાહનો રસ્તાનો હકક જે આ વેચાણવાળી જમીનની ઉતરે આવેલ નારણભાઈ ગોવિંદભાઈ ઘુંસર તથા મલીબેન નારણભાઈ ઘુંસર સંયુકત માલીકીની તેઓએ જીવરાજભાઈ ધનાભાઈ ભલાણી પાસેથી વેચાણ રાખેલી જમીનની ઉતરે આવેલ ગલીયાવડ જતા શાહ રસ્તા મારફતે થઈ અને તે નારણભાઈ ગોવિંદભાઈ ઘુંસર તથા મલીબેન નારણભાઈ ઘુંસરની સંયુકત માલીકીની જમીનમાં ઉતર શેઢે વચ્ચેના ભાગેથી દાખલ થઈ અને તેઓની જમીન વચ્ચેથી ઉપરથી દક્ષિણ ઉભા પાસે અમારી આ સર્વે નં.૧૩૦/૫ પૈકીની પશ્ચિમ ભાગની બાકીની જમીનના વાયવ્ય ખુણેથી દાખલ થતા સુધીનો પહોળાઈ આશરે ફુટ ૧૨ મુજબના રસ્તાનો કાયદેસરનો હકક અમારા વડીલોની ભાઈઓ ભાગની પુર્વ સમજુતી અનુસાર ઘણા જ વારસોથી હૈયાર સાબીત અને બીન તકરારી રહેલ છે તે રસ્તા મારફતે થઈ પશ્ચિમ તરફની આ સર્વે નં.૧૩૦/૫ પૈકીની અમારી બાકીની જમીનમાં ઉતર શેઢે પશ્ચિમથી પુર્વ ઉભા પાટે પહોળાઈ ૧૨ ફુટ મુજબનો રસ્તો આ વેચાણવાળી જમીનમાં વાયવ્ય ખુણેથી દાખલ થતાં સુધીનો તમોને કાયમી સુખાધિકારના હકકે આપવામાં આવે છે તે આ વેચાણવાળી જમીનના રસ્તાના હકકો સહીત તેમજ આ વેચાણવાળી જમીન માંથી અન્ય કોઈના કા હકક નથી તેની સ્ પષ્ટતા સહીત આ જમીન એ.૨–૧૬ ગુંઠાવાળી તમોને વેચાણ આપીએ છીએ. ઉપરોકત વિગત સદરહું બંને વેચાણ દસ્તાવેજનો અભ્યાસ કરવામાં આવે તો દાવાના વિષયવાળા રસ્તા પર પ્રતિવાદી નં.૧ ત્થા પ્રતિવાદી નં.૨ સિવાય અન્ય કોઈપણ કોઈ

જ પ્રકારનો હકક અધિકાર હોવાનું ફલીત થતુ નથી. વિશેષમાં વાદી ધ્વારા દસ્તાવેજી પુરાવા લીસ્ટ સાથે રજુ રાખવામાં આવેલ તેમના વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં.૨૪૦ તા.૨૮/૦૩/૨૦૦૮ નો અભ્યાસ કરવામાં આવે તો તેમના વેચાણ દસ્તાવેજમાં પાના નં.૫ પારા–૨ માં જણાવેલ ચતુઉદિશામાં પશ્ચિમે તથા ઉતરે ગલીયાવડ ઘુંસીયાનો રાજમાર્ગ દર્શાવવામાં આવેલ છે. જે વિગતે વાદી પોાતની જમીનમાંથી જવા આવવા માટે સીધો તે જ રસ્તાનો ઉપયોગ ઉપભોગ કરી રહયા છે અને તે જ રસ્તો પ્રથમથી જ તેઓના ઉપયોગ ઉપભોગ માટેનો છે અને તે બાબતનો ઉલ્લેખ તેમના વેચાણ દસ્તાવેજ પારા–૨ પાના નં.૬માં રસ્તાના હકકની દર્શાવેલ વિગતમાં સ પષ્ટપણે કરવામાં આવેલ છે. જેથી દાવાના વિષયવાળા રસ્તામાં વાદીનો કોઈપણ પ્રકારનો હકક અધિકાર આવેલ નથી પરંતુ વાદી ધ્વારા અમો પ્રતિવાદીઓના રસ્તામાં ખોટી રીતે પોતાના અધિકારો ઉત્પન્ન કરવાનાં એકમાત્ર ઈરાદાથી હાલનો દાવો દાખલ કરવામાં આવેલ છે. વાદીનું સદરહું રસ્તામાં કોઈ જ હકક હિત આવેલ નથી. માત્રને માત્ર પ્રતિવાદીઓને કાનુની પ્રક્રિયામાં ખોટી રીતે ઘસડી લઈ જઈ પ્રતિવાદી પર દબાણ ઉભુ કરી પોતાના હકક અધિકારો ઉત્પન્ન કરવાના એકમાત્ર બદઈરાદાથી હાલનો દાવો દાખલ કરેલ હોય વાદીનો દાવો સંપુર્ણપણે રદ થવાને પાત્ર છે તેવી હકીકત જણાવેલી છે.

(૩) આ કામે વાદી અને પ્રતિવાદી બંનેના વકીલશ્રીની દલીલ સાંભળવામાં આવેલી છે. અને રજુ કરવામાં આવેલ રેકર્ડ મુજબની પરિસ્થિતિ મુજબ ધ્યાને લેતા નીચે મુજબ મુદદા કામ ચલાઉ મનાઈ અરજી અંગે કાઢવામાં આવેલ છે.

(૪) પક્ષકારોનુ પક્ષ નિવેદન ધ્યાને લેતા નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

૧ : શું વાદી પુરવાર કરે છે કે, તેમનો પ્રથમ દર્શનીય કેસ છે ?

૨ : શું વાદી પુરવાર કરે છે કે, સગવડતા અને અગવડતાનુ પલ્લુ તેમની તરફેણમાં છે?

**૩ : શું વાદી પુરવાર કરે છે કે, માગ્યા મુજબ મનાઈ હુકમ આપવામા ના આવે તો વાદીને નાણામાં ના આંકી શકાય તેવુ નુકશાન જવા સંભવ છે ?**

**૪ : શુ હુકમ ?**

(૫) **ઉપરોકત મુદાના મારા નિર્ણય નીચે મુજબ છે.**

**૧ : નકારમા.**

**૨ : નકારમા.**

**૩ : નકારમા.**

**૪ : આખરી હુકમ મુજબ.**

**મુદદા નં. ૧,૨,૩ ના સંયુકત કારણો :–**

(૬) **કાયદાની જોગવાઈ મુજબ મનાઈ હુકમ માટે નીચેની જોગવાઈને ઘ્યાને લેવાની હોય છે.**

**1: Cases in which temporary injunction may be granted**

(1) Where in any suit it is proved by affidavit or otherwise-

(a) that any property in dispute in a suit is in danger or being wasted, damaged or alienated by any party to the suit, or wrongfully sold in execution of a decree, or

(b) that the defendant threatens, or intends to remove or dispose of his property with a view to 3.3.Subs. by C.P.C. (Amendment) Act 104 of 1976 his creditors,

(c) that the defendant threatens to dispossess the plaintiff or otherwise cause injury to the plaintiff in relation to any property in dispute in the suit,] the Court may by

order grant a temporary injunction to restrain such act, or make such other order for the purpose of staying and preventing the wasting, damaging, alienation, sale removal or disposition of the property 1.[10000] Inserted vide" Order-39 TEMPORARY INJUN CTIONS AND INTER LOCUTORY ORDERS" Dt. December 30, 1999 Published in Received the assent of the President on the 30th December, 1999 and was published in the Gazette of India, (Extra.), Part II sec.1, No. 59, dated December 30, 1999[or disposition of the plaintiff, or otherwise causing injury to the plaintiff in relation to any property in dispute in the suit] as the Court thinks fit, until the disposal of the suit or until further orders.

(2) The Court shall, while granting a temporary injunction to restrain such act or to make such other order for the purposes of staying and preventing the wasting, damaging, alienation, sale, removal or disposition of property of dispossession of the plaintiff, or otherwise causing injury to the plaintiff in relation to any property under disposition in the suit under sub-rule (1) direct the plaintiff to give security or otherwise as the Court thinks fit.

**આમ ઉપરોકત જોગવાઈને ધ્યાને લઈ મનાઈ હુકમ આપવો કે કેમ તે નકકી કરી શકાય છે. આ કામે વાદીએ કરેલ દાવા સામે પ્રતિવાદીએ પણ સામે દાવો કરી અને પ્રતિ દાવામાં કામચલાઉ મનાઈ હુકમ માંગણી કરેલી**

છે તે મુજબ બન્ને પક્ષોની કામચલાઉ મનાઈ અરજીના સંબંધમાં એક સાથે જ નિર્ણય કરવો ન્યાયોચીત છે તેથી બન્નેની ચર્ચા એક સાથે કરી નિર્ણય કરવા બન્નેના મદદાની એક સાથે ચર્ચા કરવામાં આવેલ છે.

(૭) આ કામે હાલ કામચલાઉ મનાઈ અરજી બાબતે આ કામના વાદી એ એવી દાદની માંગણી કરેલ છે. તે મુજબ વાદીની માલીકીની જમીન સર્વે નં.૧૪૮ અને સર્વે નં.૧૩૦/૨ તથા સર્વે નં.૧૩૦/૧ પૈકી/૧ વાળી જમીનની ઉતર દક્ષિણ મુકામે ૧૨ ફુટ પહોંળાઈ માર્ગમાં ઉગમણી આથમણે આ રસ્તાને ક્રોશ કરી વાદીની જમીન પિયત માટે પાણીની પાઈપલાઈન તોડી નાખેલ તે પાઈપ લાઈન તાત્કાલીક અસરથસ રીપેર કરી આપી અને ગેટમાં કાયમ તાળુ ખોલી નાખે તેવી વચગાળાની આદેશાત્મક હુકમ કરવા કરેલ અને વધુમાં વાદી તેની જમીનમાં જવા આવવા માટે જે રસ્તાનો ઉપયોગ કરે છે તેમા અટકાવા નહિ તેવી માંગણી કરેલ છે. આ હકીકત બાબતે નકકી કરવામાં આવેલ ઉપરોકત ત્રણ મુદ્દા અન્વયે પ્રથમ મુદ્દો જોવામાં આવે તો વાદીએ તેનો કેસ પ્રથમ દર્શનીય છે તેવુ પુરવાર કરવુ જોઈએ જે હકીકત બાબતે વાદી એમ કહેવુ છે કે આ કામના પ્રતિવાદીએ સદર ૧૨ ફુટનો રસ્તેથી જવા આવવા ભારે વાહન લઈ જવા અંગે સુખાધિકાર રહેલ છે અને આ રસ્તો વાદીને માલીકીનો છે તેવી હકીકત જણાવેલ છે જયારે પ્રતિવાદી તરફથી રજુ કરવામાં આવેલ જવાબ મુજબ પ્રતિવાદીને જવા આવવા માટે રસ્તો વાદીની જમીનમાંથી છે જે હકીકત પણ પ્રતિવાદીએ ખરીદ કરેલ જમીન અંગે રજી. દસ્તાવેજ મુજબ રસ્તો હોવા અંગે કોઈ તકરાર નથી પરંતુ વાદીની આવી તકરાર છે કે આ રસ્તામાં જે ગેટ મુકાવામાં આવેલ છે તેને તાળુ મારે નહિ. આ બાબતે વાદીએ અગાઉ મામલતદાર કચેરી સમક્ષ પણ રજુઆત કરેલ હતી પરંતુ આ અરજી કર્યા બાબતે જાણ થતા પ્રતિવાદીએ તાળુ ખોલી નાખેલ છે તેવુ વાદીનું કહેવુ છે તે અંગેની અરજી આ કામે વાદીએ નીશાની ૩/૧૨ અને નીશાની ૩/૧૩ થી પુરતુ તેના પર મામલતદારશ્રી ધ્વારા કોઈ હુકમ કરવામાં આવેલ હોય તેવી હકીકત તેની સાથે સામેલ કરવામાં આવેલ નથી અને વાદીની જમીન અંગે વાદીએ જે ચર્તુર દિશા દર્શાવેલ છે તે જોતા

વાદીની જમીન સર્વે નં.૧૩૦/૨ માં ઉતર તરફ ગલીયાવડ ઘુંસીયા જાહેર માર્ગ આવેલ છે. સર્વે નં.૧૩૦/૧ પૈકી/૧ તથા ૧૩૦/૨ વાળી જમીન અને સર્વે નં. ૧૪૮ વાળી જમીન બાબતે આથમણે તરફ ગલીયાવડ ઘુંસીયા જાહેર માર્ગ અને ઉતર તરફ ગલીયાવડ ઘુંસીયા જાહેર માર્ગ આવેલ છે તેવુ વાદીનું કહેવુ છે તે હકીકત વાદી તેની જમીનમાં જવા આવવા માટે હાલની તકરારી રસ્તાનો ઉપયોગ કરવા પડતો હોય તેવુ માની શકાય તેમ નથી અને વાદીનું એમ કહેવુ છે કે પાણીની પાઈપ લાઈન પ્રતિવાદી ધ્વાર તોડી નાખવામાં આવેલ છે જે નુકશાન દર્શાવવા બાબતે કોઈ પુરાવો દર્શાવતો દસ્તાવેજ પુરાવો વાદી રજુ કરેલ નથી. વધુમાં વાદી કામ ચલાઉ મનાઈ અરજી અંગે બેલ ઓફ કેન્વીયસ પોતાના તરફેણમાં છે તેવુ જણાવવુ પડે તે હકીકત પુરવાર કરવી પડી જે બાબતે વાદી ધ્વારા રજુઆત ધ્યાને લેતા આ દાવાના કામે જે તકરારી રસ્તો પ્રતિવાદી એ જમીનમાં જવા આવવા માટે છે તે રસ્તા અંગે કોઈ તકરાર નથી. પાણીની પાઈપ લાઈન બાબતે જે વર્ણન કરવામાં આવેલ છે તેનો કોઈ આધાર પુરાવો રજુ ના હોય તથા મુદ્દા નં.૨ અન્વયે હકીકત પણ માની શકાય તેમ નથી. આ કામના પ્રતિવાદી ધ્વારા રજુ કરવામાં આવેલ જવાબ જોતા રજીસ્ટર વેચાણ દસ્તાવેજમાં આ રસ્તાનો ઉલ્લેખ કરવામાં આવેલ છે અને નાણાંથી ના વળી શકે તેવુ પારાવાર નુકશાન થાય તેમ છે તે પુરવાર કરવાની જવાબદાર વાદીની છે આ અરજીના કામે વાદીની અરજી ધ્યાને લેતા રજુ કરેલ લીસ્ટ ધ્યાને લેતા વાદીની જવા આવવા માટે જાહેર રસ્તો છે અને તેમાથી અવર જવર કરી શકે તેવી વ્યવસ્થા છે જેથી વાદીની જમીન પડતર રહેવા અંગે કોઈ જ પ્રશ્ન ઉભો થતો નથી. જેથી વાદી કોઈ નાણાંથી નવળી શકે તેવુ પારાવાર નુકશાન થાય તેવી સંભાવના નથી આ કામે આંક–૧૩ થી વાદી ધ્વારા લેખીત દલીલ રજુ કરવામાં આવેલ છે તે વંચાણે લીધી તેમજ વાદી ધ્વારા નીચે મુજબની સાઈટેસન રજુ કરવામાં આવેલ તેની હકીકત જોતા તેનુ વર્ણન નીચે મુજબ કરેલ છે.

બાલ દિન યાદવ એન્ડ અધર વિરૂધ્ધ રામ દુલારે એન્ડ અધરમાં જણાવેલ હકીકત જોતા આજ્ઞાત્મક મનાઈ હુકમ અંગે દાવો છે અને તેમા મકાન

બાંધકામ બાબતેની પરિસ્થિતિ વર્ણન કરવામાં આવેલ છે જયારે હાલના દાવામાં રસ્તા અંગે તકરાર છે આ બંને દાવાની હકીકત અને અરજી વિરૂધ્ધ જણાવેલ વિગત તદ્દન અલગ છે તેમા નકકી થયેલ સિધ્ધાંત સાથે હું માનસહ સહમત થાઉ છુ પરંતુ હાલની અરજીના કામે તે હકીકત અલગ પડતી નથી.

આ કામે સંપતરાજ સી.શાહ એન્ડ અધર વિરૂધ્ધ લજપતરાય શ્રી અગ્રાવાલ એન્ડ અધરની સાઈટેસન રજુ કરવામાં આવેલ છે તેમા ચેરીટેબલ ટ્રસ્ટને લગતી હકીકત અંગેનો દાવો છે તેમા વર્ણવેલ હકીકત અને હાલના દાવાની હકીકત તદ્દન અલગ છે તે હાલના કેસમાં અલગ પડતી નથી

મંડાલી રંગાના એન્ડ અધર વિરૂધ્ધ ટી.રામચંદ્ર એન્ડ અધરમાં વર્ણવેલ વિગત મુજબ મિલ્કતનું વિભાજન અંગેની હકીકત છે જે હાલના કેસમાં અલગ પડે તેમ નથી તેમજ યુનીયન ઓફ ઈન્ડીયા વિરૂધ્ધ ઈરા એજયુકેશન ટ્રસ્ટમાં વર્ણવેલ હકીકત જોતા મેડીકલ કાઉસીલ મેડીકલ કોલેજને લગતી બાબતે છે તે પણ હાલના કેસને અલગ પડે તેમ નથી જયારે અદાણી એકસપોટ્રર્સ લીમીટેડ વિરૂધ્ધ હિન્દુસ્તાન ઓર્ગેનાઈજેશન કેમીકલ લીમીટેડ મુજબ તેમા ટેન્ડર અંગેની હકીકતને વર્ણન કરવામાં આવેલ છે જયારે હાલના દાવા સાથેની વિગતને કોઈ જ લેવા લેવા નથી જેથી તેને માની શકાય તેમ નથી આ કામના પ્રતિવાદી ધ્વારા રજુ કરવામાં આવેલ સાઈટેસન કે.વી.નટરાજ એન્ડ અધર વિરૂધ્ધ અનાંથરાજ એન્ડ અધરમાં જણાવેલ વિગત મુજબ આજ્ઞાત્મક મનાઈ હુકમ રેરેસ્ટ ઓફ રેર કેસમાં જે આપવા જોયેલ તેવી વિગત વર્ણન કરવામાં આવેલ છે જયારે દાવામાં જણાવેલ મુખ્ય દાદ અને મનાઈ હુકમની અરજીમાં જણાવેલ દાદ સરખી હોય ત્યારે તેવી દાવામાં મનાઈ હુકમ ના આપવો જોઈએ તેવુ પણ તેમા જણાવવામાં આવેલ છે આમ તમામ હકીકત જોતા હાલના દાવામાં વાદીની માંગણી મુજબ કોઈ જ આજ્ઞાત્મક મનાઈ હુકમ આપી શકાય તેમ નથી જેથી મુદદા નં.૧ થી ૩ જવાબ નકારમાં આપવામાં આવેલ છે અને મુદદા નં.૪ અન્વયે નીચે મુજબ હુકમ કરવામાં આવેલ છે.

**-::: હુકમ :::-**

(૧) આ કામે વાદીની આંક ૫ ની મનાઈ અરજી નામંજુર કરવામાં આવે છે.

(૨) આ અરજીનો ખર્ચ દાવાના આખરી પરિણામને અનુસરશે.

હુકમ આજરોજ તા.૦૩ જી માહે નવેમ્બર સને ૨૦૧૭ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી, સંભળાવી, જાહેર કર્યો.

સ્થળ : તાલાલા.

તારીખઃ ૦૩/૧૧/૨૦૧૭.

(શ્રી ભરતસિંહ પ્રભાતસિહ મહીડા)
મુખ્ય સીવીલ જજ
તાલાલા.
કોડ નં.જી.જે.૦૧૧૨૨.